ફ્લડ ગેટ બંધ કર્યા વિના જ કાદરશાની નાળમાં પાણી ઉભરાયા

આમ તો નાનપુરા, કાદરશાની નાળમાં તાપી નદીના ફ્લડગેટ બંધ કરવામાં આવે તો ગટરના પાણી બેક થતાં હોય છે પરંતુ છેલ્લા બેલ દિવસથી કાદરશાની નાળમાં 'ગટરીયા પૂર' જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. ભરશિયાળામાં રસ્તાઓ અને ગલીઓમાં પાણીનો ભરાવો થતાં રાહદારીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. લોકોને શિયાળામાં ચોમાસાનો અનુભવ થયો હતો. કારણ કે, 2 થી 3 ફુટ જેટલા પાણી ભરાતા વાહનચાલકો તેમજ રાહદારીઓને મુશ્કેલી સર્જાઈ હતી.

(તસવીર : સતીષ જાદવ)

દીવાલ તૂટતા શિવ રેસિ.ના સ્ટ્રક્ચરને નુકસાન નથી થયું

શનિવાર સુધીમાં તમામ અસરગ્રસ્તોને તેમના ફ્લેટમાં જવા દેવાશે

સુરત: ભીમરાડ ખાતે નિર્માણાધિન વિવાન પ્રોજેક્ટની ડી-વોલ તુટી પડવાની ઘટનામાં બાજુની શિવ રેસિડેન્સીના સ્ટ્રક્ચરને નુકસાન થયું નથી. તમામ અસરગ્રસ્તોને વહેલી તકે પુન:સ્થાપિત કરી દેવામાં આવશે તેમ અધિકારીઓ જણાવી રહ્યા છે.

મનપાના શહેરી વિકાસ વિભાગના વડા ડેપ્યુટી કમિ. ડોક્ટરે જણાવ્યું કે, પ્રાથમિક દૃષ્ટિએ પ્રોજેક્ટની ડી-વોલ ધરાશાયી થવાની સાથે શિવ રેસિડેન્સીની કમ્પાઉન્ડ વોલ તૂટીને દુર્ઘટનાગ્રસ્ત બેઝમેન્ટના ભાગે પડી ગઇ છે. પરંતુ શિવ રેસિડેન્સીનો વસવાટ ખાલી કરવામાં આવેલી ચાર બિલ્ડિંગના સ્ટ્રક્ચરને કોઇ નુકસાન થયું હોય તેવું જણાતું નથી. સલામતીના ભાગરૂપે ચાર બિલ્ડિંગમાંથી પરિવારોને શિફ્ટ કરાયા છે. મોટે ભાગે પ્રભાવિત પરિવારો શનિવાર સુધી પોતાના ઘરે પરત આવી શકે તેવી સંભાવના છે.

8 પોકલેન, 6 જેસીબી તૈનાત: 1400 ટ્રક માટીથી પુરાણ કરાયું

ડી-વોલની દુર્ઘટનામાં હવે યુદ્ધના ધોરણે સમારકામ ચાલી રહ્યું છે. અત્યાર સુધી 1400 ટ્રક માટી પુરાણ કરવામાં આવી છે. માટી પુરાણની સાથે લાઇમ (ચૂનો) નાંખી માટીનું ઝડપથી સેટલમેન્ટ કરવામાં આવી રહ્યું છે. ઘટના સ્થળે 8 પોકલેન, 6 જેસીબી, 50થી વધુ ટ્રક તથા અન્ય મેન પાવર કાર્યરત હોવાનું મનપાના તંત્રએ જણાવ્યું હતું.

ઉધનામાં નિર્માણાધિન બિલ્ડિંગમાં પાંચમા માળેથી પટકાતા મહિલાનું મોત

સુરત: ઉધના વિસ્તારમાં સુરત ટેક્સટાઇલ બુર્સ નામની નવી બંધાતી બિલ્ડિંગના પાંચમા માળેથી નીચે પટકાતાં 20 વર્ષીય પરિણીત મજૂર મહિલાનું મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશની વતની કમિતાબેન રોશનભાઈ ભાભોર કન્ટ્રક્શન સાઇટ પર મજૂરી કામ કરતી હતી. ગઈકાલે સવારે પાંચમા માળે સામાન લેવા જતી વખતે અચાનક ચક્કર આવતાં તે નીચે પટકાઈ હતી. ગંભીર ઈજાને પગલે સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. ઘટનાએ બાંધકામ સાઇટ પર સુરક્ષા સાધનો અને વ્યવસ્થાની અછતને લઈને પ્રશ્નો ઊભા કર્યા છે.

શહેરમાં બીમારી, ટેન્શન અને એકલતાથી કંટાળી ત્રણના આપઘાત

સુરત: ઝડપભરી જીવનશૈલી, આર્થિક અસુરક્ષા અને સ્વાસ્થ્યની સમસ્યાઓ વચ્ચે સુરતમાં માનસિક તણાવ કેટલો ગંભીર બની રહ્યો છે, તેનો વધુ એક ચિંતાજનક દૃશ્ય બુધવારે સામે આવ્યુ છે. શહેરના લસકાણા, ઉધના અને ભટાર વિસ્તારોમાં અલગ અલગ પરિસ્થિતિઓ વચ્ચે ત્રણ વ્યક્તિઓએ આત્મહત્યા કરી, જેમાં યુવાનોથી લઈને વૃદ્ધ સુધીનો સમાવેશ થાય છે. એક જ દિવસે બનેલા આ ત્રણ બનાવોએ સુરતમાં વધતા માનસિક તણાવ, આરોગ્યની અવગણના અને પ્રવાસી શ્રમિકોની સામાજિક સુરક્ષા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે સમયસર કાઉન્સેલિંગ, આરોગ્યસેવાઓની પહોંચ અને સામાજિક સહાય મજબૂત બનાવવામાં આવે તો આવા દુ:ખદ બનાવોને અટકાવી શકાય.

૧૩ વર્ષથી પેરોલ ફરાર ગેંગરેપ કેસનો આજીવન કેદી બિહારથી ઝડપાયો

સુરત: ઉમરા પોલીસમાં વર્ષ ૨૦૧૧માં નોંધાયેલા લૂંટ બળાત્કાર ગુનામાં સજા પામેલો ૧૩ વર્ષથી પેરોલ જમ્પ આરોપી જીતેન્દ્રકુમાર ઉર્ફે રાજ મધુસુદનસિંહ ભૂમિહાર (રહે., શ્રીનાથ સોસાયટી, ડિંડોલી, મૂળ બિહાર)ને પોલીસની એક ટીમે બિહારના શેખપુર જિલ્લાના શીળાય ગામમાં આરોપીની સતત ૧૫ દિવસ સુધી વેશ પલટો કરી વોચ રાખી પકડી લીધો હતો. ઘટના હતી કે, ૩૧ ઓક્ટોબર અને ૧ નવેમ્બર ૨૦૧૧ના રોજ ડુમ્મસ ચોપાટી પાસેના દરિયા કિનારે વન વિભાગની ખુલ્લી જગ્યામાં બન્યો હતો. હકીકત અનુસાર, ચાર આરોપીએ રિક્ષામાં આવીને એક યુવક અને સગીર બાળકી પર હુમલો કરી લૂંટ ચલાવી હતી. ત્યારબાદ બાળકીને માર મારીને વારાફરતી બળાત્કાર કર્યો હતો. પોલીસે જીતેન્દ્ર સહિત કમલ નયનસિંહ ભૂમિહાર, કનૈયા વાલ્મીકસિંહ ભૂમિહાર અને રાજકુમાર ઉર્ફે મુથુલ શ્યામસિંહ ભૂમિહારને ઝડપી પાડ્યા હતા.

સુરત ટેક્સટાઈલ માર્કેટમાં મેન્ટેનન્સ ફી અને હાઈકોર્ટની પિટિશનના વિવાદમાં

વેપારીને સળગાવવાનો પ્રયાસ કરાયો હતો

બુધવારે વેપારીએ અગ્નિસ્નાન કર્યું હોવાની પ્રાથમિક માહિતી બહાર આવી હતી

૪ કમિટી મેમ્બર્સ દ્વારા કેમિકલ રેડીને સળગાવીને મારી નાંખવાના પ્રયાસ કરતા ફરિયાદ

સુરત: સુરત ટેક્સટાઈલ માર્કેટમાં મેન્ટેનન્સ ફી અને હાઈકોર્ટ પિટિશનને લઈને ઉભા થયેલા વિવાદમાં એક વેપારીએ ગઈકાલે અગ્નિસ્નાન કર્યું હોવાની ઘટનામાં નવો વળાંક આવ્યો છે. આ વેપારી પર કમિટી મેમ્બર્સ દ્વારા કેમિકલ રેડીને સળગાવીને મારી નાખવાના પ્રયાસ કર્યો હોવાની પોલીસ ફરિયાદ કરાઈ છે. ફરિયાદમાં માર્કેટના ૨૦થી ૨૫ કમિટી મેમ્બર્સ વિરુદ્ધ કાયદેસર તપાસની માગ કરી છે. પોલીસે હાલ ૪ મેમ્બર વિરુધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે, ઘોડદોડ રોડની શશાંક એપાર્ટમેન્ટમાં રહેતા ૭૩ વર્ષીય કિશોર જયપ્રકાશ અગ્રવાલ સુરતમાં ૪૫ વર્ષથી રહે છે અને ટેક્સટાઈલ માર્કેટમાં ટેક્સટાઈલ તથા AIRR મીડિયા સંબંધિત વેપાર કરે છે. તેઓ N/૧૦૭૯ દુકાનના શેરહોલ્ડર પણ છે. માર્કેટ સુરત મહાનગરપાલિકાની ભાડાની જમીન પર બનેલું છે અને તેમાં કુલ ૧૪૦૦ દુકાનો છે, જેનું સંચાલન ૨૨થી ૨૫ કમિટી મેમ્બર્સ કરે છે. અગ્રવાલે ૨૦૨૫-૨૬ના મેન્ટેનન્સ ચાર્જ પૂરા ભરી દીધા હોવા છતાં, તેમને NOC મેળવવામાં મુશ્કેલી પડી રહી હતી. ગત ૧૭મીના લગભગ ૧૨:૩૦ વાગ્યે અગ્રવાલ તેમની દુકાને પહોંચ્યા હતા. કાર પાર્કિંગના બાથરૂમમાંથી પરત ફરતા સમયે કમિટી મેમ્બર ગોવિંદભાઈ નારંગે તેમને મેન્ટેનન્સ વિશે વાત કરવા ઓફિસમાં બોલાવ્યા હતા. અગ્રવાલે યુનિયન બેંકનો રૂ. ૫૦,૦૦૦નો ચેક લઈને સાંજે ૫:૩૦ વાગ્યે ઓફિસ પહોંચ્યા. ત્યાં હરબનસિંગ, મિસ્ટર પમવાની, ગોવિંદભાઈ નારંગ, ચેરમેન અરોડિયા અને અન્ય બે મેમ્બર્સ હાજર હતા. ચર્ચા દરમિયાન મેન્ટેનન્સ ઉપરાંત અગ્રવાલની ગુજરાત હાઈકોર્ટમાં કરેલી પિટિશનનો મુદ્દો ઉછળ્યો. અગ્રવાલે કમિટી મેમ્બર્સ પર રૂ. ૧,૦૦૦ કરોડના ગોટાળાનો આરોપ મૂકીને પિટિશન કરી હતી, જેમાં કોર્ટે ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર જનરલને ૮ અઠવાડિયામાં તપાસ કરીને રિપોર્ટ આપવાનો આદેશ આપ્યો હતો. કમિટી મેમ્બર્સે અગ્રવાલને પિટિશન પાછી ખેંચવા ધમકીઓ આપી અને ગાળાગાળી કરી. અગ્રવાલે ચેક આપ્યો પરંતુ પિટિશન પાછી ખેંચવાની ના પાડી, જેના કારણે તેઓને ગુસ્સો આવ્યો. જેથી મેમ્બર્સે અગ્રવાલની પીઠ અને માથા પર કેમિકલ જેવી વસ્તુ રેડીને તેમને સળગાવી દીધા. તેમનો કોટ પણ સળગી ગયો, જેને તેઓએ તરત જ કાઢી નાખ્યો હતો. અગ્રવાલે ૧૦૮, ૧૧૨ અને ૧૦૦ પર કોલ કરવા કહ્યું પરંતુ ૪૫ મિનિટ સુધી કોઈએ ફોન કર્યો નહીં. અંતે ૧૦૮ એમ્બ્યુલન્સ આવી અને તેમને સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયા, જ્યાં તેઓ હાલ સારવાર હેઠળ છે.) હરબનસીંગ, મિસ્ટર પમનાની, ગોવીંદભાઈ નારંગ, એરોડીયા વિરુદ્ધ સલાબતપુરા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મારા પતિને પોલિયો છે, ત્રણ ઓપરેશન થયાં છે: રીમઝીમ જૈન

દુર્ઘટનાનો ભોગ બનેલા રીમઝીમ જૈને આંખમાં આંસુ સાથે પોતાની વેદના વર્ણવતા જણાવ્યું કે, 15 વર્ષ પહેલા ઘણી આશાએ સાથે આ ઘર લીધું હતું. અમારો કોઈ સંબંધી પણ આ શહેરમાં નથી, અમે ક્યાં જઈએ? મકાન સીલ કરી દીધું છે, અમારી આખી જિંદગીની કમાણી આમાં જતી રહી.મારા પતિને પોલીયો છે અને તેમના 3 ઓપરેશન થયા છે તેમને ચાલવાના પણ ફાંફાં છે.

5 મહિનાની બાળકી છે, ખાવાની કોઈ વ્યવસ્થા નથી: રાધિકાબેન

શિવરેસીડેન્સીના અસરગ્રસ્ત રાધિકાબેને જણાવ્યુ હતું કે, મારી 5 મહિનાની બાળકી છે, બિલ્ડરે હોટલમાં રહેવાની વ્યવસ્થા કરી આપી છે. પરંતુ અમારો બધો સામાન ઘરમાં છે. નાની બાળકીને ખાવા પીવાના ફાંફાં પડી રહ્યા છે. અમે અમારી નાની બાળકીને લઈ રઝળી પડ્યા છે. જો અમારા ફ્લેટમાં ઝડપથી જવા દેવામાં નહીં આવે તો અમારા માટે મુશ્કેલી થશે.

2 જોડી કપડાં લઈને નીકળ્યા, હજુ કેટલા દિવસ કાઢવા નક્કી નથી : પ્રિયંકાબેન

પ્રિયંકા બેને જણાવ્યું હતું કે, ઘટના બનતા જ એટલી ઉતાવળમાં અમને બહાર કાઢવામાં આવ્યા કે, કઈ સમજવાનો સમય જ રહ્યો નહી. અમે માત્ર 2 જોડી કપડા લઈને બહાર નીકળી ગયા હતા. બાળકોને શાળાએ જવાનું હોય છે જે અમે હોટલથી મોકલી રહ્યા છીએ. બધો સામાન ઘરમાં છે જેથી ખુબ તકલીફ પડી રહી છે. બીજાની ભૂલનો અમે ભોગ બની રહ્યા છીએ.

સુરત જિલ્લા વકીલમંડળની ચૂંટણી માટે આજે મતદાન

સુરત: સુરત જિલ્લા વકીલમંડળના પ્રમુખ સહિતના છ પદાધિકારી અને 11 કારોબારી સભ્યની ચૂંટણીનું મતદાન આવતીકાલે થશે. 1800 મહિલા મતદાર સહિત કુલ 6433 મતદાર વકીલમંડળની ચૂંટણીમાં ઊભેલા ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. મતદાન પૂર્ણ થયા બાદ થોડા સમય પછી મતગણના કરવામાં આવશે અને વિજેતા જાહેર કરવામાં આવશે. વકીલમંડળની ચૂંટણીના મુખ્ય ચૂંટણી અધિકારી અસારાવાલાના જણાવ્યા મુજબ કોર્ટ બિલ્ડિંગના ચોથા માળે પદાધિકારી ઉમેદવાર અને 10મા માળે કારોબારી કમિટીના ઉમેદવારોની મતગણના થશે. મતદાન માટેની તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. આ ચૂંટણીમાં પ્રમુખ પદના ઉમેદવાર હેમંત રમનલાલ ચહાવાલા, ઉદયકુમાર હસમુખલાલ પટેલ, પ્રવીણકુમાર રાવલિયા, લક્ષ્મીબેન કરમસિંગ વસાવા, ઉપપ્રમુખનાં ઉમેદવાર અશ્વિન જીવાભાઈ જોગડીયા, સંજયકુમાર જગજીવનભાઈ પટેલ, ઘનશ્યામ લલ્લુભાઈ વાઘાણી, મંત્રી પદના ઉમેદવાર સંજયકુમાર બટુકભાઈ ગોંડલિયા, મુકુંદ વેલજીભાઈ રામાણી, સાગર વેલધી સહિતના ઉમેદવારોએ પોતાની તરફે મતદાન કરાવવા માટે એડીચોટીનું જોર કર્યું હતું.

સૌરાષ્ટ્રવાસી વકીલોના મત નિર્ણાયક રહેશે

આ વખતની ચૂંટણીમાં સૌરાષ્ટ્રવાસી વકીલોના મત નિર્ણાયક ભૂમિકા ભજવશે. સૌરાષ્ટ્રવાસી વકીલોના મત મેળવવા માટે મોટા ભાગના ઉમેદવારોએ સૌરાષ્ટ્રવાસી લોભી તરફ વધારે ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. વરાછા, કતારગામ, અમરોલી સહિતના વિસ્તારમાં ઉમેદવારોએ ઘૂમ ગ્રુપ બેઠકો કરી હતી.

'ઈકો સ્પોર્ટ' ગેંગનો આતંક, તમાચો મારીને, અપહરણ કરીને બે-બે લૂંટ

યુવકને તમાચા મારી મોબાઈલ લૂંટ્યો, બીજા યુવકનું અપહરણ કરી ઢોર માર મારી દાગીના અને રોકડ પડાવી

સુરત: સરથાણા વિસ્તારમાં ઈકો સ્પોર્ટ કારમાં આવી લૂંટ ચલાવતી એક ટોળકીથી દહેશત ફેલાઈ છે. મોડી રાત્રે અડધા કલાકના અંતરમાં બે અલગ-અલગ બનાવોમાં ચાર અજાણ્યા ઈસમે યુવાનોને ટાર્ગેટ બનાવી લૂંટ ચલાવી હતી.

સીમાડા ગામની ચામુંડાનગર સોસાયટીમાં રહેતા અને ઓનલાઈન વેપાર કરતા મયૂર શૈલેષભાઈ પાનસુરિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા.16ના રોજ રાત્રે લગભગ 12 વાગ્યે તેઓ પોતાના મિત્ર સંજયભાઈને સરથાણા જકાતનાકા પાસે આવેલા સાંસ્કૃત રેસિડન્સીના ગેટ સુધી મૂકવા ગયા હતા. દરમિયાન અચાનક ઈકો સ્પોર્ટ ફોરવ્હીલ કારમાં આવેલા ચાર અજાણ્યા ઈસમોએ તેમને અટકાવ્યા હતા. આ શખ્સોએ કોઈ વાતચીત કર્યા વગર મયૂરને તમાચા મારી દીધા હતા અને રૂ.10 હજારની કિંમતનો મોબાઈલ ફોન લૂંટી ફરાર થઈ ગયા હતા. આ જ રાત્રે અડધા કલાક પછી સરથાણા જકાતનાકા વિસ્તારમાં જ બીજો ગંભીર બનાવ બન્યો હતો. મોટા વરાછા રામચોક વિસ્તારમાં રહેતા નિલેશભાઈ ભડીયાદરાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.16ના રોજ રાત્રે સાડા બાર વાગ્યાની આસપાસ તેઓ સરથાણા જકાતનાકા પાસે આવેલા એમ.બી. એચ. શોપિંગ સેન્ટર નજીક હતા, ત્યારે ઈકો સ્પોર્ટ ફોરવ્હીલ કારમાં આવેલા ચાર ઈસમે તેમને બળજબરીથી કારમાં બેસાડી લીધા હતા. આરોપીઓએ નિલેશભાઈનું અપહરણ કરી તેમને આસપાસના વિસ્તારમાં ફેરવ્યા હતા અને ઢીકમુક્કીનો માર મારી ગંભીર રીતે ઈજા પહોંચાડી હતી. બાદ રૂપિયા 25 હજારની કિંમતની સોનાની વીંટી, રૂ.3 હજારની ચાંદીની વીંટી તેમજ ગૂગલ પે મારફતે રૂ.5 હજાર લૂંટી તેમને રસ્તા પર ઉતારી દીધા હતા અને કાર લઈને ફરાર થઈ ગયા હતા. બંને ઘટનાઓ અંગે સરથાણા પોલીસે અલગ-અલગ ગુનાઓ દાખલ કરી તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે, બંને લૂંટમાં એક જ નંબરની ઈકો સ્પોર્ટ કારનો ઉપયોગ થયો હોવાથી એક જ લુંટારુ ટોળકી સંડોવાયેલી હોવાની મજબૂત આશંકા છે.

રાંદેરમાં મિત્રએ યુવકને ચપ્પુના ઘા ઝીંકી પતાવી દીધો

ગાળો બોલવા મુદ્દે થયેલા ઝઘડામાં હત્યા કરનાર મિત્રની અટકાયત

સુરત: રાંદેર વિસ્તારમાં મજૂરી કામ કરતા બે મિત્ર વચ્ચે સામાન્ય બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું છે. નજીવી બાબતના ઉશ્કેરાટમાં એક મિત્રએ બીજા મિત્ર પર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો બકો,

રાંદેર મોરાભાગલ વિસ્તારમાં રહેતો રાહુલ ગોર્સિંગ નામનો યુવક અને તેનો સાથી મિત્ર રાજા બંને છૂટક મજૂરી કામ કરતા હતાં. 18 ડિસેમ્બરે તેઓ રાંદેર વાનખેડે સ્ટેડિયમની બાજુમાંથી પસાર થતાં રોડ પર કામ અર્થે ગયા હતા. કામ દરમિયાન કોઈ કારણોસર બંને વચ્ચે સામાન્ય બોલાચાલી શરૂ થઈ હતી. જોકે, આ બોલાચાલી દરમિયાન ગાળો બોલવા જેવી નજીવી બાબતે રાજા ઉશ્કેરાઈ ગયો હતો. આવેશમાં આવીને તેણે રાહુલ પર ચપ્પુ વડે હુમલો કરી દીધો હતો. રાજાએ તેના પર એક પછી એક એમ કુલ ત્રણ જેટલા જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. ઘટનાને પગલે લોહીલુહાણ હાલતમાં રાહુલ જમીન પર ઢળી પડ્યો હતો. સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી 108ની ટીમે રાહુલની તપાસ કરતા તેને મૃત જાહેર કર્યો હતો. રાંદેર પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી આવી રાહુલના મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં રાજાની અટક કરી લીધી છે.

સચિન GIDCમાં યાર્ન વેપારી સાથે ૩.12 કરોડની ઠગાઈ

પાર્થ ટેક્સના માલિક પાર્થ ગાંધી સામે ફરિયાદ થતાં ગુનો નોંધાયો

સુરત: સચિન જીઆઈડીસી વિસ્તારમાં યાર્ન વેપારમાં વધુ એક ઉઠમણાનો બનાવ સામે આવ્યો છે. દલાલ મારફતે સંપર્કમાં આવેલા વેપારીએ યાર્નનો ભારે જથ્થો ઉધાર લઈને સમયસર પેમેન્ટ ન આપતા આખરે કરોડોની છેતરપિંડી બહાર આવી છે.

વેસુ વિસ્તારમાં સોમેશ્વર એન્ક્લેવ સોસાયટીમાં રહેતા દિનેશભાઈ જયરામદાસ ધનકાણી યાર્નના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સચિન જીઆઈડીસી વિસ્તારમાં રોડ નં. 5 પર આવેલી તેમની પેઢી 'રિધન ફેશન્સ પ્રાઇવેટ લિમિટેડ' યાર્ન સપ્લાયમાં જાણીતી છે.

વર્ષ 2024ની શરૂઆતમાં દિનેશભાઈનો સંપર્ક કાપડ દલાલ રૂપેશ ઝવેરી મારફતે પાર્થ ટેક્ષના માલિક પાર્થ દીપકભાઈ ગાંધી સાથે થયો હતો. દલાલે પાર્થ ગાંધીને સચિન તથા ભટાર વિસ્તારમાં યાર્નની ફેક્ટરી ધરાવતા મોટા વેપારી તરીકે ઓળખાવી વિશ્વાસમાં લીધા હતા. પાર્થ ગાંધીએ 35 દિવસની ઉધારીમાં યાર્ન ખરીદવાની રજૂઆત કરી હતી. દિનેશભાઈએ તા. 4 જાન્યુઆરી 2024થી 2 ઓક્ટોબર 2025 દરમિયાન યાર્નનો માલ પાર્થ ટેક્સને આપ્યો હતો. ફરિયાદ મુજબ આ સમયગાળા દરમિયાન પાર્થ ગાંધીએ કુલ રૂ. 12.09 કરોડનો યાર્નનો માલ લીધો હતો. પેમેન્ટ સમયસર ચૂકવવાની ખાતરી હોવા છતાં એક પણ રૂપિયો ચૂકવવામાં આવ્યો ન હતો. વારંવાર ઉઘરાણી કરવા છતાં આરોપી વાયદાઓ આપતો રહ્યો અને અંતે હાથ ઊંચા કરી લેતાં છેતરપિંડીની હકીકત સ્પષ્ટ થઈ હતી. અંતે ભોગ બનનાર વેપારીએ સચિન જીઆઈડીસી પોલીસમથકમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પાર્થ ટેક્સના માલિક પાર્થ દીપકભાઈ ગાંધી સામે રૂ. 12.09 કરોડની છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે. સાથે જ દલાલની ભૂમિકા અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

અલથાણમાં ઘરમાં રમતા 1 વર્ષના બાળકનું પાણીની ડોલમાં પડી જતાં મોત

સુરત: મૂળ બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના વતની અને હાલ અલથાણ વિસ્તારમાં પાનિયાર બિલ્ડિંગમાં રહેતા રંજયકુમાર ચૌહાણ કડિયા કામ કરીને પત્ની તથા ત્રણ સંતાનોનું ભરણપોષણ કરે છે. આજે સવારે રંજયકુમારની પત્ની ઘરમાં કપડાં ધોવાના કામમાં વ્યસ્ત હતી. તે દરમિયાન તેમનો સૌથી નાનો પુત્ર, એક વર્ષનો પ્રિયાંશ, ઘરમાં રમી રહ્યો હતો. રમતા રમતા બાળકનું ધ્યાન ન રહેતાં તે ઘરમાં રાખેલી પાણી ભરેલી ડોલમાં પડી ગયો હતો. થોડા સમય બાદ માતાની નજર પડતાં બાળક બેભાન હાલતમાં જોવા મળ્યો હતો. તાત્કાલિક પ્રિયાંશને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તપાસ બાદ બાળકને મૃત જાહેર કર્યો હતો.

મૃત્યુ પામેલા વ્યક્તિને જીવિત બતાવી મિલકત વેચી નાંખી

બોગસ પાવર ઓફ એટર્ની બનાવી સુડા હાઉસિંગની મિલકત પચાવી પાડ્યાનો આરોપ

જૂનાગઢની યુવતીએ વકીલ સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી

સુરત: સચિન વિસ્તારમાં આવેલી સુડા હાઉસિંગની મિલકતને લઈ ચોંકાવનારું કૌભાંડ બહાર આવ્યું છે.

જૂનાગઢમાં રહેતી 36 વર્ષીય ચાંદનીબેન વિપુલભાઈ ટોપીવાળાએ સચિન પોલીસમથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના પિતા વિપુલભાઈ ટોપીવાળાની સચિન સુડા હાઉસિંગમાં આવેલી મિલકત વર્ષ 1993થી તેમની માલિકીની હતી. જોકે ઓગસ્ટ 2000માં વિપુલભાઈનું અવસાન થયું હતું. તેમ છતાં ચાર વર્ષ બાદ, માર્ચ 2004માં તેમને જીવિત બતાવી ખોટી પાવર ઓફ એટર્ની બનાવવામાં આવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, સતીષ એન. શાહ નામના વ્યક્તિના નામે બોગસ પાવર ઓફ એટર્ની તૈયાર કરવામાં આવી હતી. આ દસ્તાવેજ એડવોકેટ તથા નોટરી રામફલ બિરસિંગ પુનિયા દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન એડવોકેટ નરેન્દ્ર ચંદ્રશેખર તિવારી દ્વારા બંને પક્ષોને વ્યક્તિગત રીતે ઓળખતા હોવાની સહી અને સિક્કા કરવામાં આવ્યા હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખાયું છે. આ બોગસ પાવર ઓફ એટર્નીના આધારે સતીષ શાહે 17 માર્ચ 2004ના રોજ માત્ર રૂ. 50 હજારમાં મિલકત નરોત્તમભાઈ પટેલને વેચી દસ્તાવેજ બનાવી આપ્યો હતો. ત્યારબાદ વર્ષ 2012માં લીલાબેન જાનકીલાલ મારવાડીના નામે વેચાઈ હતી. હાલ મિલકત સંગીતાદેવી રાજુદાન ચારણના નામે નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. હાલ આ મિલકત પર ઈક્વીટાસ સ્મોલ ફાઈનાન્સ બેંકની લોન પણ ચાલી રહી છે. જાન્યુ. 2004માં વિપુલભાઈના અગાઉના સરનામાની જગ્યાએ ગુજરાત હાઉસિંગ બોર્ડ, કનકપુરનું સરનામું દર્શાવવા માટે સુડામાં અજાણ્યા વ્યક્તિ દ્વારા અરજી કરવામાં આવી હતી, જે સમગ્ર કૌભાંડને વધુ ગંભીર બનાવે છે. સચિન પોલીસે ફરિયાદના આધારે સતીષ શાહ, એડવોકેટ નરેન્દ્ર તિવારી, રામફલ પુનિયા સામે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.